પત્રિકા
૧૬૮

# ચિરાગે હિદાયત

૨૦/૦૭/૧૮
૦૬ ઝીલ્કાદ

## આ અઠવાડિયાની મુનાસેબત

૧૧ ઝિલ્કાદ/૨૫ જુલાઇ : વિલાદતે હઝરત ઇમામ અલીરઝા(અ.સ.)

## હઝરત ઈમામ અલીરઝા(અ.સ.)

ઈમામ મુસાએ કાઝીમ(અ.સ.) ફરમાવતા હતા કે મારા ફરઝંદ અલી(અ.સ.)ને 'રઝા'ના નામથી યાદ કરો કેમકે તેઓ એવા લોકોમાંથી છે કે જેઓ અલ્લાહની મખ્લુકને કિતાબે ખુદા, સુન્નતે રસૂલ(સ.અ.વ.) અને એહલેબૈત(અ.મુ.સ.)ની ખુશ્નુદી તરફ હિદાયત કરવાવાળા છે.

ઈમામ અલીરઝા(અ.સ.) ખુબજ નમ્ર સ્વભાવના અને ઉદાર દિલ ધરાવતા હતા. આપ(અ.સ.)નું ઈલ્મ દરિયા સમાન હતું જે અલ્લાહ તરફથી આપ(અ.સ.)ને અતા કરવામાં આવ્યું હતું અને લોકો તેમનાથી ફૈઝ હાંસિલ કરતા હતા. આપ(અ.સ.) મુસલમાન ઓલમા જ નહીં પણ યહુદી આલીમો સાથે પણ ચર્ચા અને મુનાઝેરા કરતા, જેમાં આપ(અ.સ.) હંમેશા વિજયી રહેતા.

ઈમામ(અ.સ.)ને જ્યારે પણ કોઈ પ્રશ્ન પૂછતા તો તેને સંતોષકારક જવાબ આપતા. આપ(અ.સ.)ના ઘણાં બધાં દિલચશ્પ મુનાઝેરા પણ છે. જેમાંથી એક અહીં જોઈએ.

* *એક ઝન્દિક સાથે મુનાઝેરો :-*

હઝરત ઈમામ અલી રઝા(અ.સ.)ના ખાદિમ અબ્દુલ્લાહ ખુરાસાની ફરમાવે છે કે એક સમય એક ઝન્દિક હઝરતની સેવામાં આવ્યો અને કહ્યું ''મને એ જણાવો કે આપનો ખુદા કેવો છે અને ક્યાં છે?'' ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું ''તેં આ કેવો વિચિત્ર અને નકામો પ્રશ્ન કર્યો છે. ક્યાં અને કેવો એ તો મખ્લૂક માટે છે, ખાલિક માટે નહીં. તે તો જગ્યાને બનાવનારો અને પેદા કરનાર છે. પછી એ વસ્તુઓ સાથે તેને શી નિસ્બત? તે એવી જાત નથી કે તેનો કોઈ શખ્સ પોતાની સ્પર્શેન્દ્રિયો દ્વારા અનુભવ કરી શકે અથવા પોતાની આંખો વડે તેને જોઈ શકે. કોઈપણ વસ્તુ તેનો જરા પણ અંદાજ માપ કે અનુભવ પણ કાઢી શકે તેમ નથી.''

ઝન્દિકે કહ્યું ''તો પછી એમ જ કહો કે ખુદા જેવી કોઇ વસ્તુ છે જ નહીં. જ્યારે તેનો સ્પર્શ કે અનુભવ થઇ શકતો નથી તો પછી તે હશે નહીં એમ જ માનવાનું રહ્યું'' ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું ''તમે એનો અનુભવ ન થઇ શક્યાના કારણે ખુદાનો ઈન્કાર કરી રહ્યા છો અને અમે એ જ કારણે તેને ખુદા માનીએ છીએ.''

ઝન્દિકે પૂછ્યું ''સારૂં, એ તો બતાવો કે તે છે ક્યારથી?'' ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું ''તમે એ તો મને જણાવો કે એ ક્યારે ન હતો?'' ઝન્દિકે કહ્યું ''હું આપને પૂછું છું અને આપ તો મને ઉલ્ટો પ્રશ્ન પૂછો છો. હું શું જાણું કે એ ક્યારથી ન હતો?'' ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું ''જ્યારે તને એની જાણ નથી તો પછી એ ક્યારથી હશે એવો તારો પ્રશ્ન ભૂલ ભરેલો છે.''

ઝન્દિકે પૂછ્યું ''પ્રથમ એ જણાવો કે તેના અસ્તિત્વ વિષે દલીલ શું છે?'' ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું ''એક તો શું હજારો દલીલો છે. પ્રથમ પોતાના શરીર ઉપર વિચાર કરો. આપણે આપણા શરીરની વૃધ્ધિના ફેલાવા ઉપર અથવા તેને અટકાવવા ઉપર કશો કાબૂ નથી ધરાવતા. તેને નફો નુકસાન પહોંચાડવા માટેની સંપૂર્ણ શક્તિ નથી ધરાવતા. તો એથી જણાય છે કે તે કોઇ બીજી જ તાકાત છે. આકાશોનું આમતેમ હરવું ફરવું, વાદળો બંધાવા અને વિખેરવાં, હવાઓનું હરવું ફરવું, ચાંદ, સૂરજ અને સિતારાઓનું નિયમસર ભ્રમણ કરવું વિગેરે વસ્તુઓ શું એ વાતની દલીલ નથી કે એની પાછળ કોઇ શક્તિ કામ કરી રહી છે?''

ઝન્દિકે પૂછ્યું ''તો પછી એ છે તો આંખોથી દેખાતો કેમ નથી?'' ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું ''આંખોથી તો તેની મખ્લૂકને જોઇ શકાય છે. જો ખુદા પણ આંખોથી જોઇ શકાય એમ હોત તો મખ્લૂક અને તેમાં શું ફરક પડત? તે તો એવી તાકાત છે કે ન તો કોઇ આંખ તેને જોઇ શકે છે કે ન તો અક્કલ તેના સુધી પહોંચી શકે તેમ છે.''

ઝન્દિકે પૂછ્યું ''તેની જગ્યા ક્યાં છે?'' ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું ''તેની કોઇ એક જગ્યા નિયત કે નિશ્ચિત નથી. તેનું સ્થાન ફક્ત એ છે જે નિશ્ચિત કે મર્યાદિત નથી કારણ કે એ પણ મખ્લૂકનો ગુણ છે તે તો જગ્યાનો ખાલિક છે. વળી તે કોઇ એક જ

સ્થાને કે જગ્યાએ મર્યાદિત થઈ જનાર નથી. મર્યાદિત ચીજમાં વધારો ઘટાડો પણ થતો રહે છે. તેની પાક ઝાત ફાયદા કે નુકસાનથી મુકત છે. તે કોઈ વસ્તુથી નથી બન્યો. તે તો વિના કાને સાંભળે છે અને વિના આંખે જુએ છે.''

ઝન્દિકે કહ્યું ''એ કઈ રીતે બની શકે કે તે સાંભળે છે અને તે પણ વિના કાને અને વિના આંખે જોઈ પણ શકે! તેણે આ રંગબેરંગી ચીજો બનાવી છે એથી અવશ્ય તેના હાથ પણ હશે જ.'' ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું ''શું તમે મખ્લૂકને જે દ્રષ્ટિથી જુઓ છો એજ દ્રષ્ટિથી ખાલિકને પણ જૂઓ છો? મખ્લૂકના ગુણ ખાલિકમાં શોધો છો? જો તે આપણી જેમ વિના કાનોએ સાંભળી ન શકે, વિના આંખોએ જોઈ ન શકે, વળી આપણી જેમ વિના હાથ પગ કોઈ કામ કરી ન શકે. તો પછી જરા એ તો સમજો કે આપણામાં અને તેનામાં તફાવત શું છે? શું તમે તમારી બુધ્ધિથી એ વિચારી શકતા નથી કે ખાલિક તો એવો હોવો જોઈએ કે આપણા જેવા ગુણ ધરાવતો ન હોય.

રિવાયત કરનાર કહે છે કે એ પછી ઝન્દિકે ઈમામ(અ.સ.)ને કેટલાય પ્રશ્નો કર્યા. ઈમામ(અ.સ.)એ બધા જ પ્રશ્નોના સંતોષકારક જવાબ આપ્યા. જ્યારે તેને દરેક રીતે સંતોષ થયો અને જ્યારે કોઈ આક્ષેપ માટેની જોગવાઈ રહી નહી ત્યારે તે કલમો પઢીને મુસલમાન થઈ ગયો. *(માઅસુમીન(અ.)ની જીવનશ્રેણી-૩ , પે.૨૨૩)*

* *આપ(અ.સ.)ના બોધવચનો :-*

૧) **''ઈન્સાને ખુદા ખાતર જ દોસ્તી અને દુશ્મની રાખવી જોઈએ. લોકો સાથે ખુદા ખાતર દોસ્તી અને દુશ્મની રાખ્યા વિના વિલાયત પ્રાપ્ત નથી થતી.''**

૨) **''પોતાના ભાઈની નાફરમાનીને માફ કરો, તેના એબો ઉપર પડદો નાખો. મૂર્ખાઓના ખોટા આક્ષેપો ઉપર સબ્ર કરો. સમયની મહાન મુસીબતો વેઠો અને બદલો લેવાનો વિચાર માંડી વાળો. ઝાલિમને ખુદાના હવાલે કરો એ જ તેના ઝુલ્મનો ઉત્તમ બદલો લેનાર છે.''**

૩) **''ઈમામ(અ.સ.) એક મદદગાર છે. હમદમ દોસ્ત, મોહબ્બત કરનાર બાપ અને ચાહનાર ભાઈ અને એવી માં છે જે પોતાના નાના બચ્ચાને ખુબજ પ્યાર કરે છે.''**

અઝીઝો! ઈમામ(અ.સ.) પોતાના ચાહવાવાળા અને શીઆઓ ઉપર એટલા મહેરબાન છે જેની આપણે કલ્પના પણ નથી કરી શકતા. આવો એક વાકેઆ જોઈએ.

### * *ઈમામ(અ.સ.)ની પોતાના ચાહનારાઓ ઉપર મહેરબાની :-*

મુસા બિન સય્યાર લખે છે કે હું સફરમાં હઝરત ઈમામ અલીરઝા(અ.સ.)ની સાથે હતો. જ્યારે તૂસ પાસે પહોંચ્યો ત્યારે અમારા કાને કોઈના રડવાનો અવાજ આવ્યો. અમે જોયું તો લોકો એક જનાઝો લઈને જઈ રહ્યા હતા. ઈમામ રઝા(અ.સ.)આ જોતા જ ઘોડા ઉપરથી ઉતરી ગયા અને જનાઝામાં લોકોની સાથે શામેલ થઈ જનાઝાને કાંધ આપી. એ પછી આપ(અ.સ.)એ ફરમાવ્યું કે **"અમારા દોસ્તોમાં કોઈ મરી જાય તો તેના જનાઝાને કાંધ આપનારના ગુનાહ ખુદા બક્ષી દે છે."**

જ્યારે જનાઝો કબર નજીક લઈ જવામાં આવ્યો ત્યારે ઈમામ(અ.સ.)એ લોકોને બાજુ ઉપર હટાવી દીધા અને કફન ખોલીને એ મરનારની છાતી ઉપર હાથ મૂક્યો અને ફરમાવ્યું "અય ફલાણા! તમને જન્નતની બશારત હોજો અત્યારે તમારા ઉપર કોઈ ભય કે ખૌફ નથી." મેં પૂછ્યું કે "હઝરત! શું આ મરનારથી આપ વાકેફ છો?" ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું કે **"દરેક ઝમાનાના ઈમામ પાસે સવાર-સાંજ તેમના પયરવોના આમાલ પેશ થાય છે. જો તેના આમાલ બરાબર નથી હોતા તો ઈમામ તેના માટે ખુદા પાસે ઈસ્તેગફાર કરે છે."**

અઝીઝો! **દુનિયાની કેટલી પણ અઝીઝ અને મોહબ્બત ધરાવનાર વ્યક્તિ હોય. પછી ચાહે તે માં-બાપ હોય કે ઔલાદ. દરેક કબ્રમાં મૂકીને ચાલ્યા જવાના છે પણ માત્ર ઈમામ(અ.સ.) એ વ્યક્તિ છે જે ઈન્સાનને મૌત પછીના મરહલામાં તેની મદદ કરે છે. તેમની દોસ્તી અને વિલાયત જ આખેરતમાં કામ આવશે.**

આવો! આ અઝીમ વિલાદતના મૌકા ઉપર આપણે અલ્લાહ પાસે દુઆ કરીએ કે **ઈમામ અલીરઝા(અ.સ.)ના સદકામાં ઝમાનાના ઈમામનો જલ્દી ઝહૂર કરે, તેમના દોસ્તો અને ખિદમતગુઝારોમાં આપણો શુમાર કરે અને આપણને ઈમામ અલીરઝા(અ.સ.)ની ઝિયારત નસીબ કરે. ઈલાહી આમીન.**

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com